

## વિષય : અભ્યાસક્રમ અને પાઠયપુસ્તક વચ્ચેનો તફાવત

**કંચનબેન પરમાર**
(સુપર. ઉ.પ્રા.વિ., ગુ.મા. ધો. ૬ થી ૮)

| પાઠયક્રમ | અભ્યાસક્રમ |
|---|---|
| ૧) કોઇ ચોકકસ વિષય કે વિષ્યાંગની સૂચિ | ૧) તમામ વિષય અને સહવિષયનું શિક્ષણ |
| ૨) ગ્રીક શબ્દ Sit tuba પરથી | ૨) લેટિન શબ્દ Curere પરથી |
| ૩) સરળ અને મર્યાદિત છે. | ૩) જટિલ અને વિશાળ છે. |
| ૪) રાજય વ્યાપી માળખું છે. | ૪) રાષ્ટ્ર વ્યાપી માળખું છે. |
| ૫) સ્થાનિક મૂલ્યોને ધ્યાનમાં રાખી બનાવવામાં આવે છે. | ૫) રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય મૂલ્યોને ધ્યાનમાં રાખી બનાવવામાં આવે છે. |
| ૬) શૈક્ષણિક અભિગમ મહત્વનો છે. | ૬) પ્રયોગશીલ અભિગમ મહત્વનો છે. |
| ૭) બાળકનો આંશિક વિકાસ થાય છે. | ૭) બાળકનો સર્વાંગી વિકાસ થાય છે. |
| ૮) સમયગાળો ટૂંકો છે. | ૮) સમયગાળો લાંબો છે. |
| ૯) વર્ગખંડ અમલીકરણ માટેની પ્રવૃત્તિઓનો સમૂહ છે. | ૯) બહુવિધ સ્ત્રોતમાંથી મેળવેલ અનુભવોની સમગ્રતા છે. |
| ૧૦) પાઠયક્રમનાં કેન્દ્રમાં શિક્ષક અને વિષયવસ્તુ છે. | ૧૦) અભ્યાક્રમનાં કેન્દ્રમાં બાળક છે. |



## વિષય : વર્ગખંડનું વાતાવરણ જીવંત કેવી રીતે ટકાવી રાખવું?

**શેફાલીબેન ઠાકર**
(સુપર. ઉ.પ્રા.વિ.-ગુ.મા.)

વર્ગખંડનું વાતાવરણ જીવંત બનાવવા માટે શિક્ષકની ભૂમિકા ફકત જ્ઞાન આપવાની જ નહિં. પરંતુ, વિદ્યાર્થીઓને શીખવા પ્રત્યે વધુ ઉત્સાહિત રાખવા વધુ મહત્વપૂર્ણ છે. અને તે જાળવવું શિક્ષકનાં કૌશલ્યો અને રીતો પર આધાર રાખે છે.

**સકારાત્મક અને રસપ્રદ વાતાવરણ ઊભુ કરવાની રીતો :**

૧) આંતર ક્રિયાત્મક શિક્ષણ પધ્ધતિઓ
૨) આંતર ક્રિયાત્મક શિક્ષક પધ્ધતિઓ
૩) વિનોદ અને ઉત્સાહનો ઉપયોગ,
૪) વિવિધ શીખવાની પ્રવૃત્તિઓ
૫) વિદ્યાર્થીઓની આંતરક્રિયાને પ્રોત્સાહન,
૬) પાઠયક્રમની ગતિ અને સમય
૭) સકારાત્મક પ્રોત્સાહન,
૮) ટેક્નોલોજીનો સમાવેશ
૯) સુરક્ષિત, શીખવા માટેનું વાતાવરણ ઊભું કરવું.

**બાળકની હઠને મચક ન આપવી, આવું સમજનારાં માતા-પિતા ખોટા રસ્તે છે. હઠની સામે હઠ નહીં, પણ પ્રેમ, સહાનુભૂતિ રાખવા એમ મારો અનુભવ કહે છે.**



## વિષય : ગૌતમ બુદ્ધનું તત્વજ્ઞાન

**હિનાબેન ભાવસાર**
(ઉ.પ્રા.વિ.-ગુ.મા.)

ગૌતમ બુદ્ધ નો જન્મ લગભગ ૫૬૩ ઇ.સ. પૂર્વે લુંબિની, રાજ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ શુધ્ધોદન અને માતાનું નામ માયાદેવી હતું. તેમના લગ્ન યશોધરા નામની રાજ કન્યા સાથે થયાં હતાં. અને રાહુલ નામનો પુત્ર હતો. ૨૯ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી સન્યાસ ધારી લીધો. તેમણે ચાર અર્યસત્ય આપ્યાં છે. ૧) દુ:ખ, ૨) સમુદય, ૩) નિરોધ, ૪) માર્ગ અને આ દુ:ખનાં નિવારણ માટે તેમણે અષ્ટાંગિક માર્ગ આપ્યાં છે. ૧) સમ્યક સ્મૃતિ, ૨) સમ્યક સમાધિ, ૩) સમ્યક સ્મૃતિ, ૪) સમ્યક પ્રયાસ, ૫) સમ્યક જીવિકા, ૬) સમ્યક કર્મ, ૭) સમ્યક વચન, ૮) સમ્યક સંકલ્પ.

તેમણે અંગુલીમાલ જેવા ડાકનું હ્રદય પરિવર્તન કરી પોતાના શિષ્ય બનાવ્યાં હતાં. અને ઇ.સ. ૪૮૩ ઇ.સ.પૂર્વે હિરણ્યાવતી નદીના કિનારે કુશીનગરમાં તેમનું મૃત્યુ થયું હતું. જેને મહાપરિનિર્વાણ કહે છે. અને તેમની અસ્થિ આઠ અલગ-અલગ જગ્યાએ મોકલી હતી. જયાં તે સ્તુપ તરીકે સ્થપાયાં છે.





**"એક પૂર્ણ શિક્ષક એટલે હરતી ફરતી લાઈબ્રેરી. તેનું વાચન-મનન-ચિંતન એટલું બધું પ્રૌઢ હોય કે નાનું સરખું મસ્તિષ્ક જાણે વિશાળ જ્ઞાનાલય હોય એવી પ્રતીતિ થયા કરે."**
**– *સચ્ચિદાનંદ***



## વિષય : ઈત્તર પ્રવૃત્તિનું મહત્વ

**પ્રજ્ઞાબેન પ્રજાપતિ**
(ઉ.પ્રા.વિ.-ગુ.મા.)

બાળક એ શકિતનો પૂંજ છે. દરેક બાળકમાં ભિન્ન- ભિન્ન પ્રકારની શકિતઓ સુષુપ્ત અવસ્થામાં પડેલી હોય છે. આ શકિતનો યથાયોગ્ય વિકાસ કરી બાળકનો સર્વાંગી વિકાસ કરવો એ શાળાનો મુખ્ય હેતુ છે. વ્યવસાયિક તૃપ્તિ (નોકરી /ધંધો) માટે શિક્ષણ આવશ્યક છે. પણ અભ્યાસક્રમ દ્વારા અપાતુ શિક્ષણ પૂરતું નથી. તે માટે અભ્યાક્રમની સાથે-સાથે કેટલીક વિશિષ્ટ અને પાયાની સહઅભ્યાસ- ઈત્તર પ્રવૃત્તિ અભ્યાસક્રમને જીવંત બનાવે છે.

વિવિધ દિન ઉજવણી ધાર્મિક રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી સાંસ્કૃતિક કાર્યક્રમ, વકતૃત્વ સ્પર્ધા, નાટયોત્સવ, વિજ્ઞાન મેળા-પ્રદર્શન, પ્રવાસ, રમત-ગમત, બાલોત્સવ, યુવકમહોત્સવ જેવી પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં સમસ્યા નિરાકરણ કરવાની કુશળતા, યોગ્ય નિર્ણય શકિત, કલ્પના શકિત, તર્કશકિતની ખીલવણી થાય છે. આત્મવિશ્વાસ માં વધારો, સામાજિક રીતે સધ્ધર, સમય વ્યવસ્થાપન, વિશ્લેષણાત્મક વિચારસરણી, નેતૃત્વકલાની ખીલવણી, વિશ્વ સાથે ચાલવાની કુશળતા, ટીમવર્કમાં કાર્ય કરવાની નિપુણતા મેળવે છે. અભિવ્યકિતની કલાની ખીલવણી દ્રઢ મનોબળ જેવા કૌશલ્યો અને ગુણોની ખીલવણી વિદ્યાર્થીમાં કરી શકાય છે. રાષ્ટ્રીય કાર્યોમાં સગભાગી બનવા ઉચ્ચ આદર્શોનાં અવતરણ માટે પુસ્તકીયજ્ઞાન સાથે ઈત્તર પ્રવૃતિ જ વિદ્યાર્થીનું શ્રેષ્ઠ ઘડતર કરી શકે છે.

---



## વિષય : બાળકોનો વર્ગખંડમાં વારંવાર અવાજ થાય છે. તેનાં કારણો અને ઉપાય

**અરવિંદભાઇ પરમાર**
(ઉ.પ્રા.વિ.-ગુ.મા. ધો. ૬ થી ૮)

➢ વર્ગમાં બાળકોનો વધુ પડતો અવાજ એક મોટી સમસ્યા છે. જેના કારણે અભ્યાસ માટેનું વાતાવરણ બગડે છે. એ માટેનાં યોગ્ય ઉપાયો પણ વિચારવા રહ્યાં.

૧. વર્ગનાં બાળકો વધુ પડતાં ચંચળ અને તોફાની હોય. તો શિક્ષકે વર્ગમાં બાળકોને પ્રવૃતિમય બનાવી સક્રિય કામગીરી કરાવવી.
૨. વર્ગમાં છેલ્લા બેઠેલા વિદ્યાર્થી સુધી શિક્ષકનો અવાજ ન પહોંચતો હોય- શિક્ષકે પોતાના અવાજને મોટો કરવો અથવા વર્ગમાં ફરતાં ફરતાં પોતાનું કાર્ય કરવું.
૩. શિક્ષકની વિષય પ્રત્યે ની અભિવ્યકિતમાં કચાશ હોય તો શિક્ષકે એ વિષયની પૂર્વ તૈયારી કરી વર્ગમાં જવું.
૪. વર્ગમાં શિક્ષક દ્વારા વિષયાંતર વધુ પડતું થતું હોય તો શિક્ષકે પોતાની આગવી સુઝ વાપરીને વિષયાંતરને વધુ સરળ બનાવી રજૂઆત કરવી.
૫. શિક્ષકની વિષય માટેની પૂર્વ તૈયારી ન હોય શું કરવું? એની મથામણ હોય–તે સમયે અન્ય સરસ વાત રજૂ કરવી જેથી વિદ્યાર્થી તલ્લીન બની જાય.
૬. શિક્ષકશ્રી વર્ગમાં મોડાં પહોંચે - તો એનાથી વિદ્યાર્થીઓ નિરંકુશ ન બને એ માટે શિક્ષકે સમયસર પહોંચી જવું.
૭. શિક્ષક સામાજીક- આર્થિક કે સામાજીક તણાવગ્રસ્ત હોય તો તે પરિસ્થિતિમાં શિક્ષકે તાસનાં સમય પહેલાં માનસિક કસરત કે મેડીટેશન કરવું.
૮. બાળકો રમતનાં તાસમાંથી તુરંત આવ્યાં હોય તો તે પરિસ્થિતિમાં શિક્ષકે જે રમત રમી આવ્યાં હોય એની ટૂંક માહિતી આપવી પછી જ મુખ્ય વિષયને લગતું શિક્ષણ નવીન રીતે ભણાવવું.
૯. આમ શિક્ષકે પોતે પ્રયોગશીલ બનીને વર્ગની અભ્યાસ પ્રવૃત્તિ રસાળ બનાવવી. અને બાળકોને પ્રવૃત્તિશીલ રાખવા. જેથી બાળકો પણ મુકત મને શાંતિથી અભ્યાસ કરવા પ્રેરાશે.

---



## વિષય: ધો. ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષામાં અંગ્રેજી અને અંગ્રેજી ભાષામાં ગુજરાતીની ખોટ કેવી રીતે પુરી શકાય?

**શાન્તુબેન સુરતી**
(ઉ.પ્રા.વિ.-ગુ.મા.)

ડૉ. અબ્દુલ કલામ સરનું માનવું છે કે, બાળકનું પ્રારંભિક શિક્ષણ તેની માતૃભાષામાં જ હોવું જોઇએ. હાલની પરિસ્થિતિમાં બાળક અંગ્રેજી અને ગુજરાતી બંને વચ્ચે પીસાઇ છે. આપણે ગુજરાતમાં જ રહીએ છીએ. એટલે આપણે ગુજરાતીમાં જ વાત કરીએ છીએ. કોઇ પણ ગ્રજરાતીનાં ઘરમાં ગુજરાતી “શબ્દકોશ” નહિં હોય. માતા અભણ હશે પણ બાળકનાં કોઇ પણ શબ્દ કે પ્રશ્નોનો જવાબ તે કહી શકશે. તે પોતે જ શબ્દકોશથી ભરેલી હોય છે. ડૉ. રવિન્દ્ર પારેખ કહે છે, કે અત્યારનાં સમયમાં જો હરી આવે તો તેનું પણ હેરી થઇ જાય. ખોટ કેવી રીતે પૂરવી ?